GJGS070002942021

| **તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં**<br>**રજુ તાઃ**–૦૨/૦૭/૨૦૨૧<br>**દાખલ તાઃ**–૦૨/૦૭/૨૦૨૧<br>**ફોજદારી કેસ નં.**–૨૨૩/૨૦૨૧<br>**ગુ.ર.નં. –** ૦૦૨૯/૨૦૨૦<br>**ફેસલ તાઃ**–૦૪/૦૮/૨૦૨૬<br>**આંકઃ–** | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઃ–** | **નશરૂદીનભાઇ કાસમભાઇ પરમાર,**<br>રહે.તાલાલા, જી.ગીર સોમનાથ. |
| આરોપી તરફે | વિ.વ. શ્રી આર.એફ.ચૌહાણ. |

## –// <u>ફોર્મ–બી</u> //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૨૦/૦૬/૨૦૨૦ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૭/૧૧/૨૦૨૦ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૧૦/૧૨/૨૦૨૦ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૦૨/૦૭/૨૦૨૧ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૨૬/૦૮/૨૦૨૨ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૦૪/૦૮/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૦૪/૦૮/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// <u>આરોપીની વિગત</u> //–

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન ઉપર મુકત થયા તારીખ** | **ગુનાની કલમ** | **છુટી ગયો કે સજા થઇ** | **ફરમાવેલ સજા** | **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **નશરૂદીનભાઇ કાસમભાઇ પરમાર** | | | ઇ.પી.કો.કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) | નિર્દોષ ઠરાવેલ છે. | – | – |

## -// **<u>ફોર્મ-સી</u>** //-

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૧૭ | નીજુમાબેન નશરુદીનભાઇ પરમારની જુબાની. | ફરીયાદી |
| (૨) | ૨૦ | મદીનાબેન જુમાભાઇ બાદરાણીની જુબાની. | સાહેદ |
| (૩) | ૨૭ | જુમાભાઇ રમજાનભાઇ બાજવાણીની જુબાની. | સાહેદ |
| (૪) | ૨૯ | જુમાબેન હુસેનભાઇ મકવાણાની જુબાની. | સાહેદ |
| (૫) | ૩૦ | દીલીપભાઇ હુસેનભાઇ મકવાણાની જુબાની. | સાહેદ |
| (૬) | ૩૧ | અમીનભાઇ હુસેનભાઇ મકવાણાની જુબાની. | સાહેદ |
| (૭) | ૩૨ | મુમતાજબેન અમીનભાઇ મકવાણાની જુબાની. | સાહેદ |
| (૮) | ૩૪ | નસીમબેન રસીદભાઇ મકવાણાની જુબાની. | સાહેદ |
| (૯) | ૩૫ | રસીદભાઇ હુસેનભાઇ મકવાણાની જુબાની. | સાહેદ |
| (૧૦) | ૩૭ | મરીયનબેન યુસુફ મજગુલની જુબાની. | સાહેદ |
| (૧૧) | ૪૨ | અલ્લાઉદીન અબ્દુલભાઇ ચોટીયારાની જુબાની. | સાહેદ |
| (૧૨) | ૪૭ | નયનાબેન હાજાભાઇ સોલંકીની જુબાની. | પોલીસ સાહેદ |
| (૧૩) | ૫૫ | રીનાબેન હાજાભાઇ સુવાની જુબાની. | ત.ક.અ. |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૮ | ફરીયાદ. |
| (૨) | ૧૯ | ફરીયાદ અરજી. |
| (૩) | ૫૬ | એફ.આઇ.આર. |
| (૪) | ૫૭ | તપાસનો હુકમ. |

## <u>- :: ઠ રા વ ::-</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ સવારના દશેક વાગ્યે વાસણ સાફ કરતા હતા તે દરમ્યાન આ કામના આરોપી ઘરે આવેલા અને તેની સાથે કોઇ અન્ય સ્ત્રી પણ ઘરે આવેલી, જેથી ફરીયાદીએ સ્ત્રી વીશે પુછતા આરોપી એકદમ ઉશ્કેરાઇને ફરીયાદીને ઢીકાપાટુનો મુંઢ મારવા લાગેલ અને ભુંડી ગાળો બોલવા લાગેલ અને ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તેના

પતિએ માર મારી પહેરેલ કપડે તેની બંને દીકરીઓ સાથે ઘરમાંથી બહાર કાઢી મુકેલ અને કહેલ કે જો તુ આ ઘરમાં પાછી આવીશ તો જાનથી મારી નાંખીશ, આમ અવાર નવાર મેણા ટોણા મારી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપી ઢીકાપાટુનો માર મારી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક-૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક-૪ થી આરોપીની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ, અમોએ કોઈ ગુન્હો કરેલ નથી, અમારા વિરૂધ્ધ કામગીરી બતાવવા માટે ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે તેમના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**-:: મુદાઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના

ફરીયાદી તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ સવારના દશેક વાગ્યે વાસણ સાફ કરતા હતા તે દરમ્યાન આ કામના આરોપી ઘરે આવેલા અને તેની સાથે કોઇ અન્ય સ્ત્રી પણ ઘરે આવેલી, જેથી ફરીયાદીએ સ્ત્રી વીશે પુછતા આરોપી એકદમ ઉશ્કેરાઇને ફરીયાદીને ઢીકાપાટુનો મુંઢ મારવા લાગેલ અને ભુંડી ગાળો બોલવા લાગેલ અને ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તેના પતિએ માર મારી પહેરેલ કપડે તેની બંને દીકરીઓ સાથે ઘરમાંથી બહાર કાઢી મુકેલ અને કહેલ કે જો તુ આ ઘરમાં પાછી આવીશ તો જાનથી મારી નાંખીશ, આમ અવાર નવાર મેણા ટોણા મારી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપી ઢીકાપાટુનો માર મારી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી આઇ.પી.સી.કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

**(૮)** આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૧૭ થી ફરીયાદી નીજુમાબેન નશરુદીનભાઇ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓના લગ્ન તા.૨૦/૧૧/૨૦૨૦ ના રોજ તાલાળાના રહેવાસી નશરુદીન કાસમભાઇ પરમાર સાથે તેઓની જ્ઞાતિના રીતરીવાજ મુજબ થયેલા અને લગ્ન બાદ તેઓ તેમના પતિ, સાસુ, સસરા તથા જેઠ જેઠાણી સાથે સંયુકત કુટુંબમાં રહેતી અને આ લગ્ન જીવનથી તેઓને સંતાનમાં બે દીકરીઓનો જન્મ થયેલો અને જેમાં મોટી દીકરી સુમૈયા નવ વર્ષની છે અને નાની દીકરી મન્નત સાડા પાંચ

વર્ષની છે અને હાલ તે બંને તેઓની પાસે છે. તેઓના લગ્નના એકાદ વર્ષ પછી તેઓના ઘરવાળાને આર્મીમાં નોકરી મળી જતા તે નોકરી ઉપર જતા રહેલ અને તેઓ તેમના સાસરીયામાં પરીવાર સાથે રહેતી હતી અને તેઓના પતિ નોકરીમાં રજા લઇને આવે ત્યારે તેઓ પતિ પત્ની સાથે રહેતા. આ સમયે તેઓના પતિ ભેગા રહેતા હતા ત્યારે તેઓની દીકરીઓની તબીયત સારી ન હોય ત્યારે કે બીજી કોઇ તકલીફ હોય ત્યારે પૈસા મોકલતા નહી અને પૈસા માંગતા તો ના દેતા અને તેને બીજી સ્ત્રી સાથે સંબંધ હોય તેનુ ધ્યાન રાખતા અને તેઓના પતિએ બીજી સ્ત્રીને ઘરમાં બેસાડી દીધેલી અને તેઓને ઘરેથી કાઢી મુકેલી અને છરીથી જાનથી મારી નાંખવાની ધમકી આપેલી અને તેઓ તેમના મમ્મીના ઘરે જતી રહેલી. પછી ત્યારબાદ તેઓના કપડા લેવા તેઓના સાસરીયામાં ગયેલી ત્યારે તેઓના પતિએ ઢીકાપાટુનો તેમજ બેટથી મુંઢ માર મારેલો અને તેઓને કહેલ કે તુ હવે ઘરે આવતી નહી. ત્યારબાદ તેઓએ તેમના માવતરેથી સમાધાનના પ્રયત્નો કરેલા અને સમાધાન ન થતા તેઓએ પોલીસમાં તેઓના પતિ વિરૂધ્ધ ફરીયાદ અરજી આપેલી અને પોલીસે આરોપીને બોલાવીને સમાધાન માટે બોલાવેલ, પરંતુ સમાધાન ન થતા અંતે પોલીસમાં આરોપી વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ આ કામે આંક-૧૮ થી તથા ફરીયાદ અરજી આંક-૧૯ થી રજુ છે.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મારા લગ્નના એક વર્ષ બાદ મારા પતિને નોકરી મળેલી તે પહેલા અમારી વચ્ચે કોઇ ઝઘડો ન હતો. એ વાત ખરી છે કે, લગ્નની શરૂઆતમાં મને મારા પતિ સારી રીતે રાખતા અને હરવા ફરવા પણ લઇ જતા હતા. એ વાત ખરી છે કે, મારા લગ્ન રાજીખુશીથી સમાવાળા સાથે કરવામાં આવેલા હતા. એ વાત ખરી છે કે, મને પ્રથમ વખત ગર્ભ રહેલ હતો ત્યારે મને મારા માવતરપક્ષના મને ગોદભરાઇની રસમ કરી અને ઘરે લઇ ગયા હતા. એ વાત ખરી છે કે, મારી ગોદભરાઇ પછી મારા પતિ મારા મમ્મીના ઘરે મળવા માટે આવતા હતા. મને પ્રથમ ડીલેવરી હોસ્પીટલે આવેલી ત્યારે મારા પતિને જાણ કરેલ જેથી તે પણ ત્યાં આવેલા. એ વાત ખરી છે કે, મારી પ્રથમ પુત્રીના જન્મ વખતે તેની છઠી કરવા મારા સાસરાના ઘરના આવેલા હતા. એ વાત ખરી છે કે, મારી પ્રથમ પુત્રીના

જન્મના સવા મહીના પછી હું પાછી મારા સાસરાના ઘરના મને તેડી ગયેલા અને હું મારા પતિ સાથે સાસરે ગયેલી. એ વાત ખરી છે કે, મારા પતિને આર્મીમાં નોકરી મળી ગયા બાદ મને બીજી વાર ગર્ભ રહેલ. એ વાત ખરી છે કે, આરોપી અને મારી વચ્ચે રીસામણે ગયા બાદ એક વખતે તેડવા બાબતે સમાધાન થયેલ. એ વાત ખરી છે કે, મારા સાસુ સસરા મને સમાધાન કરી તેડી ગયેલા. એ વાત ખરી છે કે, મેં મારી અરજીમાં તથા ફરીયાદમાં મારા પતિએ બીજી બાઇને ઘરમાં બેસાડેલ છે તેનુ નામ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મને કાઢી મુકયા બાદ મેં થોડો સમય પછી કરેલી હું ભણેલ ન હોય જેથી મને તારીખની ખબર પડતી નથી અને સમાધાનના પ્રયત્ન માટે ફરીયાદ કરતા મોડુ થયેલુ. એ વાત ખરી છે કે, મેં આપેલી આંક-૧૯ ની અરજીમાં લખાવેલ નથી પરંતુ ફરીયાદમાં લખાવેલ છે."

(૯) આ કામે ફરીયાદપક્ષે આંક-૨૦ થી સાહેદ મદીનાબેન જુમાભાઇ બાદરાણીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓની દીકરીના લગ્ન બે વર્ષ પહેલા તાલાળાના રહેવાસી નશરુદીન કાસમભાઇ પરમાર સાથે તેઓની જ્ઞાતિના રીતરીવાજ મુજબ થયેલા અને લગ્ન બાદ તેઓની દીકરીના પતિ, સાસુ, સસરા તથા જેઠ જેઠાણી સાથે સંયુકત કુટુંબમાં રહેતી અને આ લગ્ન જીવનથી તેને સંતાનમાં બે દીકરીઓનો જન્મ થયેલો અને જેમાં મોટી દીકરી સુમૈયા નવ વર્ષની છે અને નાની દીકરી મન્નત સાડા પાંચ વર્ષની છે અને હાલ તે બંને તેઓની પાસે છે. તેના લગ્નના એકાદ વર્ષ પછી તેના ઘરવાળાને આર્મીમાં નોકરી મળી જતા તે નોકરી ઉપર જતા રહેલ અને તેઓની દીકરી સાસરીયામાં પરીવાર સાથે રહેતી હતી અને તેનો પતિ નોકરીમાં રજા લઇને આવે ત્યારે તેઓ પતિ પત્ની સાથે રહેતા. આ સમયે તેના પતિ ભેગા રહેતા હતા ત્યારે તેઓની નવાસીની તબીયત સારી ન હોય ત્યારે કે બીજી કોઇ તકલીફ હોય ત્યારે પૈસા મોકલતા નહી અને પૈસા માંગતા તો ના દેતા અને તેને બીજી સ્ત્રી સાથે સંબંધ હોય તેનુ ધ્યાન રાખતા અને તેઓના જમાઇએ બીજી સ્ત્રીને ઘરમાં બેસાડી દીધેલી અને તેઓની દીકરીને ઘરેથી કાઢી મુકેલી અને બેટ વડે માર મારેલ અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી અને જેથી તેઓની દીકરી તેઓના

ઘરે આવતી રહેલ. ત્યારબાદ તેઓની દીકરી કપડા લેવા સાસરીયામાં ગયેલી ત્યારે તેઓના જમાઇએ મુંઢ માર મારેલો અને કહેલ કે તુ હવે ઘરે આવતી નહી. ત્યારબાદ તેઓની દીકરીએ સમાધાનના પ્રયત્નો કરેલા અને સમાધાન ન થતા પોલીસમાં તેના પતિ વિરૂધ્ધ ફરીયાદ અરજી આપેલી અને પોલીસે તેઓની પુછપરછ કરેલી.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "મારુ ઘર અને મારી દીકરીના સસરાનુ ઘર ઘણુ દુર છે. એ વાત ખરી છે કે, મારા ઘરથી મારા જમાઇનુ ઘર દેખાય નહી અને હું તેને ઘરે ગયેલ નથી કે મેં મારા જમાઇને ફોનમાં વાત કરતા પણ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મારા જમાઇએ મારી દીકરીને ગાળો આપેલ ત્યારે હું ત્યાં હાજર ન હતી. એ વાત ખરી છે કે, મારી દીકરીની ફરીયાદ કરવા હું મહીલા પો.સ્ટે. પાટણ ખાતે ગયેલી. એ વાત ખરી છે કે, પોલીસે મારુ કોઇ નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મારી દીકરીને આ માનસીક દુ:ખ ત્રાસ આપેલ ત્યારે હું ત્યાં હાજર ન હતી. એ વાત ખરી છે કે, મારી દીકરીની બધી જવાબદારી લઇ અને કાગળમાં લખાણ કરી અને તેડી જાય તો હું તેને મોકલવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, મારી દીકરીને અલગથી તેડી જાય અને રહેવા મકાન લઇ આપે અને અમારી અમુક શરતો માની અને તેડી જાય તો અમે અમારી દીકરીને મોકલવા તૈયાર છીએ."

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ જુમાભાઇ રમજાનભાઇ બાજવાણીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને સંતાનમાં ચારી દીકરીઓ અને એક દીકરો છે અને નીજુમા તેઓની દીકરી થાય છે, જેના લગ્ન નસરુદીન સાથે કરાવેલા અને તેનો ઘર સંસાર થોડો સમય સારો ચાલેલો અને ત્યારબાદ નીજુમા ઘરે આવતી તો કહેતી કે, મને મારો પતિને બીજે સંબંધ હોય જેથી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપે છે અને કોઇ વસ્તુ લઇ દેતો નથી અને ઝઘડો કરે છે અને નાના બાળકો હોય એટલે તે ઘર ચલાવતી હતી અને ત્યારબાદ તેના પતિએ તેને મારકુટ કરતા તેણે તેના પતિ વિરૂધ્ધ શારીરીક માનસીક દુ:ખ ત્રાસ અંગેની ફરીયાદ દાખલ કરેલ અને આ બાબતે પોલીસે

તેઓ પુછપરછ કરેલી.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બંને જણા હોય તેઓને સામાન્ય ઝઘડો થતો જ હોય છે. એ વાત ખરી છે કે, આ બનાવ કઇ રીતે બનેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી દીકરીને અમારે રાજીખુશીથી મોકલી દેવાની છે."

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૯ થી સાહેદ જુમાબેન હુસેનભાઇ મકવાણા, આંક–૩૦ થી સાહેદ દીલીપભાઇ હુસેનભાઇ મકવાણા, આંક–૩૧ થી સાહેદ અમીનભાઇ હુસેનભાઇ મકવાણા તથા આંક–૩૨ થી સાહેદ મુમતાજબેન અમીનભાઇ મકવાણા નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓની દીકરી/બહેન/નણંદ મદીનાની દીકરી નીજુમાના લગ્ન નસરુદીન સાથે તેઓની જ્ઞાતિના રીતરીવાજ મુજબ થયેલા અને ત્યારબાદ તેને આર્મીમાં નોકરી મળી જતા તે આર્મીમા જતો રહેલ અને નીજુમા સંયુકત કુટુંબમાં રહેતી હતી અને થોડો સમય તેનો ઘર સંસાર સારી રીતે ચાલેલો અને ત્યારબાદ તે વાર તહેવારે આવતી અને કહેતી કે મને મારો પતિ મારકુટ કરે છે અને વાપરવાના પૈસા આપતો નથી અને ઘર ચલાવવાના પૈસા આપતો નથી અને બીજી બાયુ જોડે લફરા કરે છે અને ત્યારબાદ નીજુમા માવતરે આવતી રહેલ અને તેણે તેના પતિ વિરૂધ્ધ ફરીયાદ કરેલી અને પોલીસે તેઓનો જવાબ લીધેલો.

આ સાહેદોની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આરોપી ફરીયાદીને મારકુટ કરતો તે મેં નજરે જોયેલ નથી અને હું તેના ઘરે ગયેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારુ નામઠામ પુછેલુ તે સીવાય મને કાંઇ પુછેલ નહી કે મેં કાંઇ લખાવેલ નથી."

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ નસીમબેન રસીદભાઇ મકવાણા તથા આંક–૩૫ થી સાહેદ રસીદભાઇ હુસેનભાઇ મકવાણા નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં

જણાવેલ છે કે, આ બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી અને પોલીસે તેઓની કોઇ પુછપરછ કરેલ હોય તેની તેઓને ખબર નથી.

આ સાહેદોની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી."

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ મરીયનબેન યુસુફ મજગુલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ત્રણ વર્ષ પહેલા તેઓના પાડોશમાં રહેતા નીજુમાબેનને તેના પતિ નશરુદીન વીરૂધ્ધ શારીરીક માનસીક દુ:ખત્રાસની ફરીયાદ કરેલ હોય જે સબબ પોલીસ તેઓના ઘરે આવેલ અને પુછપરછ કરેલી અને ત્યારે તેઓને જાણ કરેલ કે તે પતિ પત્ની વચ્ચે ઝઘડો થયેલો અને ફરીયાદ થયેલ છે તે બાબતે પુછતા તેઓએ જણાવેલ કે, તે તેઓથી ૩–૪ ઘર છેટા રહે છે અને સામાન્ય બોલાચાલી દરેક પતિ–પત્ની વચ્ચે થતી રહેલ છે તેનાથી વિશેષ તેના ઘરમાં કોઇ બનાવ બનેલ હોય તો તેની તેઓને ખબર નથી તે મુજબ તેઓએ તેમનો જવાબ લખાવેલ.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ બનાવમાં શું બનેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે બનાવ બાબતે મારુ કોઇ નીવેદન લીધેલ નહી."

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૨ થી સાહેદ અલ્લાઉદીન અબ્દુલભાઇ ચોટીયારાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓના પાડોશમાં રહેતા નસરૂદીન કાસમની પત્ની નીજુમાબેને તેના પતિ વિરૂધ્ધ શારીરીક માનસીક દુ:ખ ત્રાસની ફરીયાદ કરતા પોલીસ તેઓની પુછપરછ કરવા આવેલી તો તેઓએ તેમને જણાવેલ કે, તેના ઘરેથી બોલાચાલીનો અને ઝઘડાનો અવાજ આવતો હતો અને નીજુમાબેન એમની બાળકીને લઇને જતા રહેલા, બીજુ તે લોકો વચ્ચે શું હતુ તેની તેઓને ખબર નથી તેવો જવાબ તેઓએ પોલીસને આપેલો.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ બનાવ બાબતે હું કાંઇ જાણતો નથી કે બનાવ મેં નજરે જોયેલ નથી."

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૭ થી પોલીસ સાહેદ નયનાબેન હાજાભાઇ સોલંકીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજ ફરીયાદી નીજુમાબેન વા/ઓ. નસરુદીન કાસમ પરમારને પોતાના પતિ વિરૂધ્ધ ઘર કંકાસ અને શારીરીક માનસીક દુ:ખ ત્રાસ અંગેની ફરીયાદ રજુ કરતા પી.આઇ.શ્રીના શેરા સાથે આ અરજીની તપાસ તેઓને સોંપવામાં આવેલ. જે અરજીના કામે તેઓ બંને પક્ષકારોને હાજર રખાવી તેને સાંભળેલ. સમાજના આગેવાનો, પરીવારના સગા સંબંધીની હાજરીમાં સમાધાન અંગેના પુરતા પ્રયત્ન કરવામાં આવેલા પણ કોઇ સુખ સમાધાન ન થતા હાલના આરોપી વિરૂધ્ધ ફરીયાદીના લખાવ્યા મુજબની તેઓના રુબરુ ફરીયાદ લખીને ગુનો રજી. થવા મોકલેલ.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, ફરીયાદીની ફરીયાદ નોંધ્યા સીવાય અન્ય કોઇ કામગીરી મેં કરેલ નથી."

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૫ થી તપાસ કરનાર અમલદાર રીનાબેન હાજાભાઇ સુવાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૭/૧૧/૨૦૨૦ ના રોજ તેઓ ગીર સોમનાથ જીલ્લા મહીલા પો.સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ કામના ફરીયાદી નીજુમાબેન નસરુદીન પરમારની ફરીયાદ અરજી તેના પતિ વિરૂધ્ધ આવતા તેઓના પો.સ્ટે.ના હેડ કોન્સ. નયનાબેન હાજાભાઇ સોલંકીએ અરજી અંગે તપાસ કરેલી અને આ કામે ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાનના પ્રયત્ન કરેલા અને બંનેનુ કાઉન્સલીંગ કરેલુ, પરંતુ સમાધાન ન થતા આ કામના ફરીયાદી નયનાબેનના રૂબરૂની ફરીયાદ પી.એસ.ઓ. રજી. કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ આ કામે સાધનીક કાગળો સાથે આઇ.પી.સી.ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪,

૫૦૬(૨) મુજબની તપાસ સંભાળેલી અને ફરીયાદીના વિશેષ નીવેદન લીધેલા અને લાગતા વળગતા સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા અને આરોપીને નોટીસ આપી તેનો જવાબ લીધેલો. ત્યારબાદ પુરતો પુરાવો જણાય આવતા આ કામના આરોપી વિરૂધ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ રાખેલ. ત.ક.અમલદારે પોતાના પુરાવામાં આંક–૫૬ થી એફ.આઇ.આર. તથા આંક–૫૭ થી તપાસનો હુકમ રજુ રાખેલ છે.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે, આ કામે પંચનામા કરવામાં આવેલા નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ તેમના પતિ વિરૂધ્ધ જે આક્ષેપો કરેલા તેવા દાર્શનીક દસ્તાવેજી પુરાવા આ કામે કબજે કરેલા નથી. એ વાત ખરી છે કે, ચોકકસ શબ્દો વાળી ગાળો આપેલ તે મારી તપાસમાં ખુલેલ નથી."

**(૧૭)** સદર કેસના ન્યાયિક નીર્ણય માટે ઈ.પી.કો કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ની સજાની જોગવાઇઓ ધ્યાને લેવી જરૂરી હોઈ, ઉક્ત કલમોની સજાની જોગવાઇ નીચે મુજબ છે.

**<u>કલમ–૪૯૮(ક) ના તત્વો</u>**

**(૧)** શું ભોગ બનનાર સ્ત્રી પરણીત હતી.?

(૨) શું તેના પર ત્રાસ ગુજારવામા આવ્યો હતો.?

(૩) શું તેના પર તેણી આત્મહત્યા કરે, કે પોતાની જાતને ગંભીર વ્યથા કે પોતાની જાત પર જોખમ વ્હોરી લે અથવા તેણીને ત્રાસ આપવાના ઈરાદાથી કે જે કારણે તેણી ગેરકાનુની રીતે માંગવામા આવેલી મિલ્કત, અથવા કિંમતી જામીનગીરી આપે તે માટે, અથવા ગેરકાનુની માંગણી તે સ્ત્રી અથવા તેના સબંધીઓ પુરી ન કરી શકયા તે માટે ત્રાસ ગુજારવામા આવ્યો હોય.

(૪) આવો ત્રાસ તે સ્ત્રીના પતિ અથવા તેણીના સગાઓએ ગુજારેલ હતો.?

**<u>ઇ.પી.કો.કલમ–૩૨૩</u>**

''જે કોઇ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગમાં હોય તે સીવાય સ્વેચ્છાપુર્વક વ્યથા કરે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રુપીયાના દંડની અથવા બંનેની શિક્ષા કરવામાં આવશે.''

**<u>ઈ.પી.કો.કલમ–૫૦૪</u>**

**સુલેહભંગ કરવા ઉશ્કેરવાનાં ઈરાદાથી અપમાન :–** ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ પણ વ્યકિત ઈરાદાપુર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**<u>ઈ.પી.કો.કલમ–૫૦૬</u>**

**ગુન્હાહિત ધમકીની સજા :–** કોઈ પણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય– અને જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલ્કતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્રયહીનતાનો આક્ષેપ કરવાની હોય

તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**(૧૮)** આ કામે સૌપ્રથમ ભારતીય દંડ સંહાતીની કલમ– ૪૯૮ (એ) ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

" **<u>કલમ– ૪૯૮(એ) પતિ કે તેના સગા સ્ત્રી પ્રત્યે ક્રુરતા આચરેઃ</u>**–"

કોઈપણ વ્યકિત, કોઈ સ્ત્રીનો પતિ અથવા તે પતિના સગા હોય અને તેવી સ્ત્રીને ત્રાસ આપે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા ફરમાવવામાં આવશે તથા તે દંડને પણ પાત્ર થશે.

(ક) એવા પ્રકારનું ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આપઘાત કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગીને, શરીરના કોઈ અવયવ કે આરોગ્યને ( માનસિક કે શારીરિક ) ભયમાં મુકવા પ્રેરે.

(ખ) તે સ્ત્રીના પજવણી, જયાં આવી પજવણી તે સ્ત્રી અથવા તેના કોઈ સગા દબાણથી કોઈ મિલકત કે કીંમતી જામીનગીરી માટે કોઈ ગેરકાનૂની માગણી પુરી કરે તે માટે હોય અથવા તે સ્ત્રી કે તેના સગાં આવી માગણી સંતોષી શકયા ન હોય તે કારણે હોય.

આમ ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક)નો ગુનો સાબિત કરવા સારૂ ફરીયાદીને સ્ત્રીને તેમના પતિ અથવા સગા તરફથી ત્રાસ આપવામાં આવતો હતો તેવું ફરીયાદપક્ષે પ્રથમ તો નિ:શંકપણે પુરવાર કરવું પડે તથા આ ત્રાસ એટલે આરોપીઓનું 'ઈરાદાપુર્વક' નું એવું 'વર્તન' જે સ્ત્રીને આપઘાત કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા શરીરના કોઈ અવયવને ભયમાં મુકવા પ્રેરે.

એટલે કે, પ્રથમ તો આરોપીનું ઈરાદાપૂર્વકનું કૃત્ય હોવું જોઈએ.

એટલે કે આરોપીનો ઈરાદો એવો હોવો જોઈએ કે તેવા વર્તન અથવા કૃત્યથી સ્ત્રી આપઘાત કરે, પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા શરીરના અવયવને ભયમાં મુકે.

આ કલમમાં આરોપીનું ઈરાદાપૂર્વકનું 'વર્તન' ના શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. જેનો અર્થ એમ થાય કે આરોપીનું કોઈ કૃત્ય વર્તન કહી ન શકાય આવા કૃત્યો માટે અલગ જોગવાઈઓ હોય પરંતુ આ કલમની ખાસ સંજોગો માટે રચના કરવામાં આવી હોય 'વર્તન' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. 'વર્તન'નો અર્થ કોઈ એકલ દોકલ કૃત્ય નહી પરંતુ 'સિરીઝ ઓફ એકટસ' (કૃત્યોની હારમાળા) એવી હોય કે જેને કારણે સ્ત્રી પોતે આપઘાત કરે અથવા તેની જીંદગી જોખમમાં મુકે તેવો આરોપીનો ઈરાદો હોવો જોઈએ.

નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટે અનેક ચુકાદાઓમાં 'કન્ડકટ' શબ્દનો અર્થ 'સિરીઝ ઓફ એકટસ' એવો અર્થ કરવાનો છે. તેમજ ભારતીય દંડ સંહીતાની કલમ-૪૯૮(ક)ના ગુનાના સંદર્ભમાં આરોપીના વર્તનની સાથે સાથે ફરીયાદી સ્ત્રીનું વર્તન તેનો સ્વભાવ, તેની ટેવ, તેની સહનશકિત વિગેરે તમામ હકીકત પણ સાથે સાથે ધ્યાનમાં રાખવી જોઈએ.

(૧૯) આ તબકકે કાયદાકીય જોગવાઈ, સાથે સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટે ''ક્રુરતા'' એટલે શું અથવા કેવા પ્રકારની ક્રુરતા હોવી જોઈએ. આ સંદર્ભે નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે.

**Indrasing M Raol Vs.State of Guj.,**

**1999[2],G.L.H.,596,**

**"17":explained the concept of cruelty within the meaning of the definition as provided under Section 498A of I.P.C. The ratio of this decision is that every act of cruelty or harassment is not made a crime under Sec.498A.The prosecution has to establish that the cruelty or harassment was unabetted, incessant and persistent and being**

> **grave in nature unbearable and the same was with the intention to force the woman to commit suicide or to fulfill illegal demand or dowry of the husband or her in-laws. As held by this Court,Sec. 498-A will not come into play in every case of harassment and/or cruelty. Reasonable nexus between cruelty and suicide must be established. It should, therefore, be shown that the incessant harassment or cruelty was with a view to force the wife to end her life or fulfill illegal demands of her husband or in-laws, and was not matrimonial cruelty, namely, usual wear and tear of matrimonial life.**

(૨૦) આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ ઉપરોકત પુરાવાઓનું સમગ્ર પણે મુલ્યાંકન કરવામાં આવે તો, એ હકીકત રેકર્ડ પરથી ફલિત થાય છે કે, આ કામના ફરીયાદીએ ૨૭ દીવસ બાદ મોડી ફરીયાદ કરેલી તેનો કોઈ ખુલાસો ફરીયાદમાં કે પોતાના પુરાવામાં કરેલ નથી. જેથી હાલની ફરીયાદ કરવામાં જે વિલંબ થયેલ છે તેના પરથી એ હકિકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, સદરહુ ફરીયાદ, ફરીયાદી દવારા પુરતી વિચારણાના અંતે કરવામાં આવેલ છે. **આમ, ફરીયાદપક્ષ દવારા જયારે આટલી મોડી ફરીયાદ કરવા અંગે કોઈ ખુલાસો રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી, ત્યારે આ કેસના ઉપરોકત ખાસ સંજોગો ધ્યાને લેતા, તે હકિકત ફરીયાદપક્ષ માટે ધાતક ગણી શકાય તેમ છે અને તેના પરથી ફરીયાદ પક્ષનો સંપુર્ણ કેસ શંકાસ્પદ બની જાય છે. આ કોર્ટના સદરહુ તારણને, નામદાર સુપ્રિમ કોર્ટના *2011(1) GLR 894, " KISHAN SINGH (DEAD) THROUGH L.RS. V. GURPAL SINGH AND ORS. "* ના ચુકાદામાં, મોડી એફ.આઈ.આર. અંગે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત પરથી પણ સમર્થન મળે છે. સદરહું ચુકાદો જોવામાં આવે તો, તેમાં મોડી એફ.આઈ.આર. સંદર્ભે નીચે મુજબ ઠરાવેલ છે :**

**Para 21. Prompt and early reporting of the occurrence by the informant with all its vivid details gives an assurance regarding truth of its version. In case, there is some delay in filing the F.I.R., the complainant must give explanation for the same. Undoubtedly, delay in lodging the F.I.R. does not make the complainant's case improbable when such delay is properly explained. However, deliberate delay in lodging the complaint is always fatal. (Vide : Sahib Singh v. State of Haryana, AIR 1997 SC 3247 : 1997 (7) SCC 231).**

વધુમાં ફરીયાદી તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, તેઓના લગ્નના એક વર્ષ બાદ તેઓના પતિને નોકરી મળેલી તે પહેલા તેઓની વચ્ચે કોઇ ઝઘડો ન હતો.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, તેઓને પ્રથમ વખત ગર્ભ રહેલ હતો ત્યારે તેઓને તેમના માવતરપક્ષના તેઓને ગોદભરાઈની રસમ કરી અને ઘરે લઈ ગયા હતા તેમજ તેઓની ગોદભરાઇ પછી તેઓના પતિ તેઓના મમ્મીના ઘરે મળવા માટે આવતા હતા તેમજ તેઓને પ્રથમ ડીલેવરી હોસ્પીટલે આવેલી ત્યારે તેઓના પતિને જાણ કરેલ જેથી તે પણ ત્યાં આવેલા તેમજ તેઓની પ્રથમ પુત્રીના જન્મ વખતે તેની છઠી કરવા તેઓના સાસરાના ઘરના આવેલા હતા તેમજ તેઓની પ્રથમ પુત્રીના જન્મના સવા મહીના પછી તેઓ પાછી તેઓના સાસરાના ઘરના તેઓને તેડી ગયેલા અને તેઓ તેમના પતિ સાથે સાસરે ગયેલી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, આરોપી અને તેઓની વચ્ચે રીસામણે ગયા બાદ એક વખતે તેડવા બાબતે સમાધાન થયેલ તેમજ તેઓના સાસુ સસરા તેઓને સમાધાન કરી તેડી ગયેલા.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, તેઓએ તેમની અરજીમાં તથા ફરીયાદમાં તેઓના પતિએ બીજી બાઈને ઘરમાં બેસાડેલ છે તેનુ નામ લખાવેલ નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, તેઓને કાઢી મુકયા બાદ તેઓએ થોડો સમય પછી કરેલી તેઓ ભણેલ ન હોય જેથી તેઓને તારીખની ખબર પડતી નથી અને સમાધાનના પ્રયત્ન માટે ફરીયાદ કરતા મોડુ થયેલુ તેમજ તેઓએ આપેલી આંક–૧૯ ની અરજીમાં લખાવેલ નથી પરંતુ ફરીયાદમાં લખાવેલ છે.** વધુમાં

ફરીયાદીએ પોતાના પુરાવામાં આ કામના આરોપી તેમને મારકુટ કરતા હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ આ સંદર્ભે ફરીયાદીને માર મારેલ હોય અને તેની કોઈ સારવાર કરાવેલ હોય તેનો કોઈ પુરાવો પોલીસને કે જુબાની દરમિયાન પણ રજુ કરેલ નથી. જેથી માર બાબતની ફરીયાદ પણ શંકા ઉપજાવે છે. તેમજ સદર ગુનાના કામે તપાસવામાં આવેલ સાહેદો પણ ફરીયાદ હકીકતને સજ્જડ મૌખિક પુરાવો આપતા ન હોવાથી ફરીયાદીના આરોપી પર આક્ષેપો પુરવાર થતા ન હોવાથી ઈ.પી.કોડ કલમ– ૪૯૮(ક) માં જણાવેલા તત્વો ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલા નથી.

**(૨૧)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ફરિયાદીની વિરોધાભાષી જુબાની જોતા ઈ.પી.કોડ કલમ–૪૯૮(ક) મુજબ ફરિયાદીને શારીરિક, માનસિક ત્રાસ, મારઝુડ કરતા હોય તેવું માની શકાય તેમ નથી. ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફરિયાદીએ તેમના પુરાવામાં મેણાંટોણાં, ત્રાસ અંગે ફરિયાદીની ફરિયાદ તથા જુબાનીમાં આક્ષેપ છે. પરંતુ તેને સમર્થનકારી કોઈ પુરાવો રજુ થયેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદ એટલે કે ફરિયાદીના માતાના પુરાવામાં તેઓએ આપેલ કબૂલાતો ધ્યાને લઈએ તો, તેઓએ ફરીયાદીની ફરીયાદ મુજબની જુબાની આપેલ છે પરંતુ, આ સાહેદે આ બનાવ નજરે જોયેલ હોય તેવો કોઇ પુરાવો આપેલ હોય તેવું બનેલ નથી. વધુમાં, ફરીયાદીના માતાની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓનુ ઘર અને તેઓની દીકરીના સસરાનુ ઘર ઘણુ દુર છે તેમજ તેઓના ઘરથી તેઓના જમાઇનુ ઘર દેખાય નહી અને તેઓ તેને ઘરે ગયેલ નથી કે તેઓએ તેમના જમાઈને ફોનમાં વાત કરતા પણ નજરે જોયેલ નથી તેમજ તેઓના જમાઈએ તેઓની દીકરીને ગાળો આપેલ ત્યારે તેઓ ત્યાં હાજર ન હતી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓની દીકરીને માનસીક દુઃખ ત્રાસ આપેલ ત્યારે તેઓ ત્યાં હાજર ન હતી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓની દીકરીને અલગથી તેડી જાય અને રહેવા મકાન લઈ આપે અને તેઓની અમુક શરતો માની અને તેડી જાય તો**

**તેઓ તેમની દીકરીને મોકલવા તૈયાર છે.** વધુમાં આ સંદર્ભે ફરીયાદીના પિતાએ પોતાના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. આ સાહેદે આ બનાવ નજરે જોયેલ હોય તેવો કોઇ પુરાવો આપેલ હોય તેવું બનેલ નથી. વધુમાં, ફરીયાદીના પિતાની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આ બનાવ કઇ રીતે બનેલ તેની તેઓને ખબર નથી.** વધુમાં આ સંદર્ભે ફરીયાદીના અન્ય ઘરના સભ્યો એટલે કે આંક-૨૯, ૩૦, ૩૧ તથા ૩૨ થી તપાસવામાં આવેલ સાહેદોએ પોતાના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. આ સાહેદોએ આ બનાવ નજરે જોયેલ હોય તેવો કોઇ પુરાવો આપેલ હોય તેવું બનેલ નથી. વધુમાં, સાહેદોની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આરોપી ફરીયાદીને મારકુટ કરતો તે તેઓએ નજરે જોયેલ નથી અને તેઓ તેના ઘરે ગયેલ નથી તેમજ પોલીસે તેઓનુ નામઠામ પુછેલુ તે સીવાય તેઓને કાંઇ પુછેલ નહી કે તેઓએ કાંઇ લખાવેલ નથી.** વધુમાં આ કામે આંક-૩૪ તથા ૩૫ થી તપાસવામાં આવેલ સાહેદોએ પોતાના પુરાવામાં આ બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આ સંદર્ભે ફરીયાદી તથા આરોપીના પાડોશી એવા આંક-૩૭ થી તપાસવામાં આવેલ સાહેદે પોતાના પુરાવામાં આ બનાવમાં શું બનેલ તે તેઓને ખબર નથી તેમજ પોલીસે બનાવ બાબતે તેઓનુ કોઇ નીવેદન લીધેલ ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આંક-૪૨ થી તપાસવામાં આવેલ પાડોશીએ પોતાના પુરાવામાં આ બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી કે બનાવ તેઓએ જોયેલ ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આ સંદર્ભે પોલીસ સાહેદને આંક-૪૭ થી તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સરતપાસના પુરાવામાં પોતાની ફરજના ભાગે રૂપે હાલના ફરીયાદીની ફરીયાદ નોંધ્યા સંદર્ભેનો પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **ફરીયાદીની ફરીયાદ નોંધ્યા સીવાય અન્ય કોઇ કામગીરી તેઓએ કરેલ નથી.** વધુમાં આ સંદર્ભે ત.ક.અમલદારને આંક-૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સરતપાસના પુરાવામાં પોતાની ફરજના ભાગે રૂપે હાલના

ગુન્હાની તપાસ કર્યા સંદર્ભેનો પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી તેમજ આ કામે પંચનામા કરવામાં આવેલા નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **ફરીયાદીએ તેમના પતિ વિરૂધ્ધ જે આક્ષેપો કરેલા તેવા દાર્શનીક દસ્તાવેજી પુરાવા આ કામે કબજે કરેલા નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **ચોકકસ શબ્દો વાળી ગાળો આપેલ તે તેઓની તપાસમાં ખુલેલ નથી.** આમ, ફરીયાદીના માતા, પિતા, તથા અન્ય સંબંધીઓનો પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદીને અવારનવાર મેણા ટોણા મારી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપી ઢીકાપાટુનો માર મારી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા અંગે માત્ર તે ઈન્ટ્રસ્ટેડ હિયર–સે વિટેનેશ પણ છે. આમ, સદર સાહેદોના પુરાવાથી ફરિયાદમાં આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની હકીકતોને સમર્થન મળી શકે તેવી કોઈ હકીકતો રજુ થયેલ નથી અને કેસનું રેકર્ડ ધ્યાને લઈએ તો, ફરિયાદીએ કોઈ મેડીકલ સારવાર લીધેલ હોય તો તે અંગેના મેડીકલ સારવાર અંગેના કાગળો પણ કામમાં સામેલ રાખેલ નથી. તેમજ આરોપી તરફથી ફરિયાદીને ધમકી આપવામાં આવેલ હોય કે ભુંડી ગાળો દેવામાં આવેલ હોય અને ફરિયાદી આવી ધમકીના ઓથા હેઠળ સતત તેઓની જીંદગી વ્યતિત કરી રહ્યા હોય અને ધમકી અંગેના ભયની ઘંટડી સતત ચાલુ રહેલ હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલો નથી. અને તપાસ કરનાર અમલદારના પુરાવા પરથી પણ તેમની તપાસ દરમ્યાન ફરિયાદીના પતિએ તેમને કોઈ મારઝુડ કરેલ હોય કે તે અંગેની ફરિયાદીને કોઈ સારવાર લેવાની ફરજ પડેલ હોય કે ફરિયાદી હાલમાં પણ ભયના ઓથા હેઠળ સતત જીવન જીવી રહ્યા હોય કે ફરીયાદીને આરોપી ધ્વારા ભુંડી ગાળો આપવામાં આવેલ હોય તેવી કોઈ નિઃશંક હકીકતો ફરિયાદીના પુરાવા દરમ્યાનમાં નીકળી આવતી નથી અને આરોપી વિરુદ્ધ ઉપરોકત ચર્ચા મુજબ ઇ.પી.કો.કલમ: ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો કોઈ પુરાવો નીકળી આવતો નથી અને તે રીતે ફરિયાદ પક્ષ શંકાથી પર રીતે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના **Indrasing M Raol Vs.State of**

**Guj.,1999[2], G.L.H.,596**, ચુકાદામાં ઠરાવ્યા મુજબ ફરીયાદી ખુદે કોઈ પુરાવો આપેલ ન હોય, આ કામે ફરીયાદપક્ષે તારીખ : ૦૨/૦૭/૨૦૨૧ આંક–૩ થી વર્તમાન આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૨૨)** આમ, ઉપરોકત હકિકતોએ ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપીએ ફરીયાદીને અવાર નવાર મેણા ટોણા મારી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપી ઢીકાપાટુનો માર મારી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરિયાદમાં આક્ષેપિત ગુનો આરોપીએ આચરેલ હોવાની કોઈપણ હકીકતો જણાય આવતી નથી.

**( ૨૩ )** આમ,જયારે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે સાબીત થતો ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુદ્ધ સબબ ગુનાની જોગવાઈ મુજબના તત્વો સાબિત થતા ના હોય તે સબબ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. તે માટેનું નામદાર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. In the case of **Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court** has laid down the tests which are prerequisites before conviction should be recorded, which are as under:

> i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;
>
> ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the

> accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;
>
> iii. The circumstances should be of conclusive nature and tendency;
>
> iv. They should exclude every possible hypothesis except the one to be proved; and
>
> v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

**(૨૪)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે "**મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧**" માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"**197.** In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the

prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contained in Article- 20 and 21 of the Constitution of India."

**(૨૫)** વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કાલીરામ વિ. સ્ટેટ ઓફ એચ.પી. (૧૯૭૩) ૨ એસ.સી.સી. ૮૦૮ માં જણાવેલ છે કે, "It is important to note that the cardinal principles in the administration of criminal justice in cases where heavy reliance is placed on circumstantial evidence, is that where two views are possible, one pointing to the guilt of the accused and the other towards his innocence, the one which is favourable to the accused must be adopted."

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટના રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળતુ નથી અને સાહેદોની જુબાની જોતા આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદા નં.૧ ની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદા

નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના **આરોપી નશરૂદીનભાઇ કાસમભાઇ પરમાર,** રહે.તાલાલા, જી.ગીર સોમનાથ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી આર્મીમાં હોય અને હાલ દીલ્હી પોસ્ટીંગ હોય જેથી હાજર રહી શકેલ ન હોય, જેથી સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) મુજબ તેની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૦૪, માહે–ઓગષ્ટ, સને– ૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૦૪–૦૮–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.